જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૨-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

૧૮ રાજ્યો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૯૧ લોકસભા બેઠક માટે મતદાન યોજાયુ

પ્રથમ તબક્કાનું વોટિંગ પૂર્ણ, સરેરાશ ૫૩.૦૬ ટકા મતદાન

દિગ્ગજ નેતાઓના ભાવિ ઈવીએમમાં સીલ,સૌથી વધુ મણિપુરમાં ૭૮ ટકા મતદાન

ઈવીએમ ખરાબી, આઈઈડી બ્લાસ્ટનો પ્રયાસ, ઝપાઝપી, બ્લાસ્ટ, લાઠીચાર્જ સહિતના બનાવો નોંધાયા



લોકસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કાનું મતદાન

બિહાર	: ૫૦.૨૬ ટકા મતદાન	તેલંગાણા	: ૬૦.૫૭ ટકા મતદાન
કૈરાના	: ૬૦ ટકા મતદાન	મણિપુર	: ૭૮.૨૦ ટકા મતદાન
મુઝફ્ફરનગર	: ૬૨ ટકા મતદાન	ત્રિપુરા	: ૮૧ ટકા મતદાન
ઉત્તરપ્રદેશનાં બાગપતમાં	: ૬૦ ટકા મતદાન	નાગાલેન્ડ	: ૭૩ ટકા મતદાન
ગાઝિયાબાદ	: ૫૩ ટકા મતદાન	સિક્કિમ	: ૭૫ ટકા મતદાન
ગૌતમબુદ્ધનગર	: ૫૭ ટકા મતદાન	અસમ	: ૬૩ ટકા મતદાન
સહારનપુર	: ૬૦ ટકા મતદાન	મિઝોરમ	: ૬૦.૮૨ ટકા મતદાન
મેરઠ	: ૫૯ ટકા મતદાન	અરૂણાચલ પ્રદેશ	: ૫૪ ટકા મતદાન
બિજનૌર	: ૬૭ ટકા મતદાન	કુચબિહાર	: ૮૧ ટકાથી વધુ મતદાન

ન્યુ દિલ્હી

દેશમાં પ્રથમ ચરણના ૯૧ લોકસભા બેઠકનું મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. જેમાં ૧૮ રાજ્ય અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોનું મતદાન યોજાયું હતું. ટકાવારી પ્રમાણે સરેરાશ ૫૩.૦૬ ટકા મતદાન થયું હતુ.

૫ વાગ્યા સુધીમાં બિહારમાં ૫૦.૨૬ ટકા, ઉત્તર પ્રદેશમાં ૫૯.૭૭ ટકા, આસામમાં ૬૮ ટકા, તેલંગણામાં ૬૦.૫૭ ટકા, મેઘાલયમાં ૬૨ ટકા, મણિપુરમાં ૭૮.૨૦ ટકા, લક્ષ્યદ્વિપમાં ૬૫.૯ ટકા મતદાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં સાત રાઉન્ડમાં મતદાન થવાનું છે. ત્યાં આજે આઠ સીટ પર મતદાન થયું છે. બિહારમાં ચાર, આસામમાં પાંચ, મહારાષ્ટ્રમાં સાત, ઓડિશામાં ચાર અને પશ્ચિમ બંગાળની બે સીટ માટે આજે મતદાન થયું છે. મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, સિક્કિમ, તેલંગણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, અંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપમાં પ્રથમ તબક્કાનું મતદાન યોજાયું હતું. બંગાળમાં કૂચબિહારના દિનહાટામાં લોકોએ પહેલી વાર ભારતીય મતદારો તરીકે મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. બાંગ્લાદેશ સાથે થયેલા એંકલેવ સમજૂતી અંતર્ગત ૯,૭૭૬ લોકોને ૨૦૧૫ની મતદાર યાદીમાં ભારતીયો તરીકે સામેલ કરાયા હતા. આંધ્રપ્રદેશમાં આજે ૨૫ લોકસભા અને ૧૭૫ વિધાનસભા સીટ પર મતદાન થઈ રહ્યાં છે. સત્તારૂઢ તેલુગુ દેશમ પાર્ટીના કાર્યકર્તાઓ વચ્ચે મુખ્ય વિપક્ષ YSR કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે અનેક જગ્યાએ ઘર્ષણ થયું છે. અનંતપુરમ જિલ્લાના તડીપાત્રા વિધાનસભા વિસ્તારમાં એક ગામમાં રૂજીઈ કાર્યકર્તાના મોતના સમાચાર મળ્યા હતા.

કોંગ્રેસે ગૃહપ્રધાન રાજનાથસિંહને પત્ર લખ્યો

રાહુલ પર અમેઠીમાં સાત વખત લેસર ગન તાકવામાં આવી: કોંગ્રેસનો દાવો

પત્રમાં લખ્યું: રાહુલ ગાંધીની સુરક્ષામાં મોટી ચૂક,આ પહેલા ગાધી પરિવારના બે સભ્યોની હત્યા કરાઈ છે

ન્યુ દિલ્હી

કોંગ્રેસે મોટો ખુલાસો કરતા દાવો કર્યો છે કે પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધી પર અમેઠીમાં હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભે કોંગ્રેસે ગૃહપ્રધાન રાજનાથસિંહને એક પત્ર પણ લખ્યો છે.

કોંગ્રેસે દાવો કર્યો છે કે અમેઠીમાં હુમલાખોરો રાહુલ ગાંધી પર સાત વખત નિશાન સાધવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના આવા દાવા બાદ ચૂંટણીના વાતાવરણમાં વધુ ગરમાવો આવી ગયો છે. નોંધનીય છે કે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બુધવારે અમેઠી બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું હતું.

આ સંદર્ભે કોંગ્રેસે ૧૦મી એપ્રિલ, ૨૦૧૯ના રોજ દેશના ગૃહમંત્રી રાજનાથ સિંઘને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં કોંગ્રેસે લખ્યું છે કે, "આજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અમેઠી બેઠક પરથી પોતાનું ઉમેદવારી પત્રક ભર્યું હતું. જે બાદમાં તેમણે મીડિયાને સંબોધન કર્યું હતું. તેઓ મીડિયા સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે તેમના માથા પર લેસર ગન તાકવામાં આવી હતી. ખૂબ ટૂંકા ગાળામાં આવું સાત વખત કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે તેમના માથાના જમણી તરફ બે વખત ગન તાકવામાં આવી હતી. પૂર્વ સુરક્ષા અધિકારીઓએ આ વીડિયો ફૂટેજ તપાસ્યા બાદ એવો મત વ્યક્ત કર્યો હતો કે આ લેસર લાઈટ સ્નાઈપર ગનની હોઈ શકે છે. પત્રમાં આગળ લખવામાં આવ્યું છે કે, "રાહુલ ગાંધીની સુરક્ષામાં આ મોટું છીંડું છે. આ પહેલા ગાંધી પરિવારના બે સભ્યો આતંકી તત્વોનો શિકાર બન્યા હોવાની વાત સુરક્ષામાં આ પ્રકારના છીંડા ચિંતાનો વિષ્ય છે. પત્રની શરૂઆતમાં લખવામાં આવ્યું છે કે, "ભારતના બે પૂર્વ વડાપ્રધાનો ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીનો આતંકી તાકાતોએ ભોગ લીધો છે. ભારતના લોકો ઈન્દિરા ગાંધીની હત્યાનું કાવતરું, હુમલો અને હત્યાને ભૂલ્યા નથી. ૧૯૯૧માં સામાન્ય ચૂંટણી દરમિયાન પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી.

વડાપ્રધાન મોદી અજેય નથી,આ વખતે કોંગ્રેસની જીત થશે: સોનિયા ગાંધી

રાયબરેલી

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી ગુરુવારે રાયબરેલી લોકસભા બેઠકથી ઉમેદવારી પત્ર ભરી દીધું છે. ઉમેદવારી પત્ર ભર્યા બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અજેય નથી. અમે તેમને હરાવી દેશું. ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં પણ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ જીતવાની વાત કરી હતી પરંતુ અમે જીત મેળવી હતી. આ વખતે પણ કોંગ્રેસની જીત થશે. રાયબરેલી કલેક્ટર કચેરીએ ઉમેદવારી પત્ર ભર્યા પૂર્વે સોનિયા ગાંધીએ રોડ શો કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના સમર્થકો ઉમટ્યા હતા. રોડ શો પહેલા યૂપીએ ચેરપર્સન સોનિયા ગાંધીએ હવન કર્યો હતો. આ પૂજામાં સોનિયા ગાંધીની સાથે પ્રિયંકા ગાંધી વાડ્રા, રોબર્ટ વાડ્રા અને રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ દિનેશ પ્રતાપ સિંહ જે તાજેતરમાં જ ભાજપમાં જોડાયા છે તેઓ રાયબરેલીથી સોનિયા ગાંધી સામે ચૂંટણી લડશે. આ દરમિયાન રાહુલ ગાંધીએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે, ભારતના ઈતિહાસમાં એવા અનેક લોકો થયા છે તેમને આ અહંકાર હતો કે ભારતના લોકોની તુલનામાં તેઓ મોટા અને અજેય છે. નરેન્દ્ર મોદીએ છેલ્લા ૫ વર્ષોમાં ભારતના લોકો માટે કંઈ નથી કર્યું. તેની સાથે જ તેઓએ પીએમ મોદીને ચર્ચાનો પડકાર આપતા કહ્યું કે જે દિવસે વડાપ્રધાન મારી સાથે ચર્ચા કરશે, તે દિવસે દેશની સામે સ્પષ્ટ થઈ જશે કે ચોકીદાર ચોર છે.

રાહુલ ગાંધી આરએસએસની મદદ લઈ રહ્યા છે: મમતા બેનરજીનો આક્ષેપ

કોલકાત્તા

ચૂંટણી આવતા જ મોદી સરકારને મૂળમાંથી ઉખાડવા માટે એક મંચ પર ભેગા થઈ મહાગઠબંધનથી જોડાનાર મમતા બેનરજી અને કોંગ્રેસ વચ્ચે આરોપોનો મારો થઈ રહ્યો છે. તાજેતરમાં જ મમતા બેનરજીએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર ની મદદ લેવાનો આરોપ લગાવતા તેમની પર આકરા પ્રહારો કર્યા હતા. જેની પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ પણ મમતા બેનરજી પર ભાજપા સાથે વિતેલા સમયમાં સંધિ કરી હોવાનો આરોપ લગાવ્યો છે.

રાહુલ ગાંધીએ આ દરમિયાન મમતા બેનરજી પર કટાક્ષ કરતા જણાવ્યું કે, મમતા પૂછી રહ્યા છે કે અમે હકીકતમાં ભાજપા વિરોધ લડી રહ્યા છીએ, જેની સામે હું પૂછવા માંગુ છું કે, રાફેલ મુદ્દો કોણે ઉઠાવ્યો? ચોકીદાર ચૌર છે નો નારો કોણે આપ્યો? અમે બીજેપી સાથે ક્યારે પણ, કોઈ પણ રાજ્યમાં સંધિ કે કરાર કર્યો નથી. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં કોઈને પણ અડવાનો પ્રયત્ન કરશે તો અમે ભાજપાને નહીં છોડીએ. ભાજપા નાગરિકતા સુધારણી બીલના નામ પર દેશમાંથી બધાને બહાર કાઠવાનું ષડયંત્ર કરી રહ્યું છે, અમે ભાજપાને બીલ સુધારણા નહી કરવા દઈએ. મતદાતાઓને કોંગ્રેસને મત ન આપવાની અપીલ કરતા મમતાએ આરોપ લગાવ્યો હતો કે, આરએસએસએ પાર્ટીના ઉમેદવારને રાજ્યમાં મદદ કરી રહી છે. કોઈનું પણ નામ લીધા વગર તેમણે આરોપ લગાવ્યો હતો કે, કોંગ્રેસ ઉમેદવાર બેદરામપુરથી ચૂંટણી લડી રહ્યા છે અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્ર જંગીપુર બેઠકથી ચૂંટણી લડી રહ્યા છે, જેમને આરએસએસનું સમર્થન છે.

વડાપ્રધાને બિહાર-આસામમાં ચૂંટણી સભા સંબોધી કોંગ્રેસ અને વિપક્ષ દળો પર વાકબાણ ચલાવ્યા

કોંગ્રેસ ગરીબોના મોઢાનો કોળીયો છીનવી ચૂંટણી લડી રહી છે: મોદી



ભાગલપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી માટે ગુરુવારે બિહારના ભાગલપુરમાં અને અસમમાં રેલીને સંબોધન કરતા પાકિસ્તાન તેમજ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા. વડાપ્રધાને દાવો કર્યો કે ૨૩મેએ મોદીની સરકાર ફરી રચાશે તે નિશ્ચિત છે. વડાપ્રધાને એવો પણ દાવો કર્યો કે તેમની સરકાર નક્સલવાદ અને આતંકવાદ સાથે કોઈ જ સમજૂતી કરશે નહીં. તેમણે નક્સલવાદ અને આતંકવાદને નષ્ટ કરવા માટે સુરક્ષાદળોને છૂટ આપી દીધી છે. વિપક્ષ પર તીવ્ર પ્રહાર કરતા મોદીએ જણાવ્યું કે મોદી સરકાર ફરી રચાશે તો ટુકડે-ટુકડે ગેંગ વેર વિખેર થઈ જશે. ભાગલપુરમાં કોંગ્રેસ સહિત વિપક્ષ દળો પર વડાપ્રધાને આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, 'આ મહામિલાવટી લોકો દેશમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે. આ આપણા જવાનોને હથિયાર વગરના અને નિઃસહાય બનાવવા ઈચ્છે છે. આ મહામિલાવટી નેતા ભય ફેલાવી રહ્યા છે કે ફરી મોદી આવશે તો દેશમાંથી ચૂંટણી જ નાબૂદ થઈ જશે. એવો પણ ભય ફેલાવે છે કે મોદી ફરી આવશે તો બંધારણીય સંસ્થા નષ્ટ થઈ જશે. વાસ્તવમાં આ લોકો આવો ડર એટલા માટે ફેલાવી રહ્યા છે કારણ કે મોદી ફરી સત્તામાં આવશે તો તેમની ભ્રષ્ટાચારની દુકાનો સંપૂર્ણ રીતે બંધ થઈ જશે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™

MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847
Email : market4u19@gmail.com

રાણપુરમાં રામદેવજી મહારાજની ત્રણ દિવસ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા મહાયજ્ઞ યોજાશે

એક ભક્ત તરફથી ચાંદીના ત્રણ મુકુટ અર્પણ કરાયા-સેવકો દ્વારા મહોત્સવની તડામાર તૈયારી



બોટાદ જીલ્લાના રાણપુરમાં મેઘાણીનગર ખાતે રામદાવપીર નું નવ નિર્મિત મંદીર નો ત્રણ દિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. રાણપુરમાં નવુ બનેલુ આ મંદીર આખુ કાચ થી બનાવવામાં આવેલ છે.આ મંદીર ની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા તથા મહાયજ્ઞનું ત્રણ દિવસ આયોજન કરવામાં આવ્યુ છે.જે અંતર્ગત પ્રથમ દિવસે ચૈત્ર સુદ-૮ ને શનિવાર તા-૧૩.૪ ૨૦૧૯ ના દિવસે સવારે ૭.૩૦ કલાકે દેહ શુધ્ધિ પ્રાયશ્ચવીત, જલયાત્રા, નગરયાત્રા,મંડપ પ્રવેશ,દેવતા સ્થાપન,સાંય પુજન આરતી,દ્રિતિય દિવસ તા-૧૪.૪.૨૦૧૯ ના રોજ સવારે ૮ કલાકે દેવતા પ્રાતઃપુજન,કુટીર હોમ, પ્રાસાદ વાસ્તુ સ્થાપન,સાંય પુજન આરતી તથા ત્રીજા દિવસે સવારે ૮ કલાકે પ્રાતઃપુજન,મૂર્તિન્યાસ,મુર્તિ પ્રતિષ્ઠા,શાન્તિક પૌષ્ટીક હોમ,યજ્ઞની પુર્ણાહુતિ, અવભૃય સ્નાન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા ત્રણ દિવસ બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ રામદેવજી મહારાજના મંદીરે રાખેલ છે.જ્યારે તા-૧૪.૪.૨૦૧૯ ને રાત્રે ૯ કલાકે ડાકડમરૂ નો ભવ્ય પ્રોગ્રામ જેમાં મનસુખભાઈ રાવળદેવ(વઢવાણવાળા)તથા વશરામભાઈ રાવળદેવ (રાણપુરવાળા)તેમના સાથી કલાકારો દ્વારા ડાકલાની રમઝટ બોલાવશે.મૂર્તિ પ્રતિષ્ઠા તા-૧૫.૪.૨૦૧૯ ને બપોરે ૧૨.૩૦ કલાકે અને યજ્ઞ પુર્ણાહુતિ સાંજે ૫ કલાકે રાખેલ છે.યજ્ઞના આચાર્યપદે યોગેશભાઈ જયંતીભાઈ જાની તથા યજ્ઞના ઉપાચાર્ય તરીકે શૈલેશભાઈ દુર્લભજીભાઈ જાની બીરાજશે.આ પ્રસંગે પ.પૂ.રામબાપુ-બાવળીયાળી, પ.પૂ. કાનજીબાપુ-રોહીશાળા, પ.પૂ.કનીરામબાપુ-દુધરેજ સહીત ધામેધામથી નામી અનામી સંતો ઉપસ્થિત રહેશે.રાણપુરના એક ભક્ત જેશાભાઈ ભનુભાઈ પરમાર(સંદેશ ના પત્રકાર)દ્વારા રામદેવજી મહારાજ,હનુમાનજી મહારાજ,ગણપતિજી ના ચાંદી ના ત્રણ મુકુટ ભેટ ધરવામાં આવેલ છે.આ ધાર્મિક મહોત્સવનો લાભ લેવા મેઘાણીનગર નું રામામંડળ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ છે.જ્યારે રામદેવજી મહારાજની નગરયાત્રા તા-૧૩.૪.૨૦૧૯ ને શનિવારે સવારે ૯ કલાકે નદીકાંઠે પરમારના મઢેથી નિકળશે..

ગાંધીધામ એલસીબીએ વેબસાઈટમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે ઈસમોને પકડી પાડયા

ભુજ કચ્છ: પરીક્ષિતા રાઠોડ, SP પૂર્વ કચ્છ, ગાંધીધામ નાઓ તરફથી IPL ક્રિકેટ મેચ ચાલુ હોઈ ક્રિકેટ સટ્ટાનાં કેસો કરવા સુચના આપતા ડી.બી. પરમાર પીઆઈ એલ.સી.બી.નાં માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ની ટીમ ક્રિકેટ સટ્ટાનાં કેસો શોધવા પ્રયત્નશીલ હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, દિપક ઠક્કર તથા મયુર ઠક્કર નામનાં બે ઈસમો ઈન્ડિયન પેટ્રોલપંપની બાજુમાં આવેલ ચુસ્કી ટી સ્ટોલની સામે પોતાનાં મોબાઈલ પર BLUELINEX.COM સોફ્ટવેર મારફતે હોન્ડા શાઈન પર બેસી KINGS 11 PUNJAB તથા MUMBAI INDIANS વચ્ચે રમાઈ રહેલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રમાડે છે.

મુદામાલ:- રોકડા રૂ.૧૬,૦૦૦/-તથા મોબાઈલ ફોન નંગ- ૨ કિ.રૂ.૮,૦૦૦/- , મોટર સાયકલ – ૧ GJ ૧૨ CN ૮૫૦૧ કિ.રૂ.૨૫,૦૦૦/- કુલ મુદામાલ કિ.રૂ.૪૯,૦૦૦/-નો મુદામાલ

આરોપીઓ ૧)દિપક પ્રભુરામ ઠક્કર(આખાણી) ઉ.વ.૩૨ રહે.મકાન નં.૧૨૦,સિધ્ધે શ્વર રેસીડેન્સી-૨,આદિપુર જી.કચ્છ ૨)મયુર જગદીશ ઠક્કર (કોટક) ઉ.વ.૨૧ રહે.પ્લોટ નં.૭૨૩, વોર્ડ૯/બી, મહાકાલી સોસાયટી, ભારતનગર, ગાંધીધામ-કચ્છ વાળાઓ પકડાઈ ગયેલ છે. તથા ૩) જીતુભાઈ ઠક્કર રહે.અમદાવાદ વાળો હાજર મળી આવેલ નથી.જેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદામાલ એ ડિવીઝન પોલીસ સ્ટેશન-ગાંધીધામ ખાતે સોંપવામાં આવેલ છે.

આ કામગીરીમાં એમ.એસ.રાણા PSI એલ.સી.બી., એ.પી.જાડેજા PSI એલ.સી.બી. તથા સ્ટાફનાં એએસઆઈ લખમણભાઈ આહિર,પોલીસ હે.કો. દેવરાજભાઈ આહિર તેમજ મહેન્દ્રસિંહ જાડેજા નાઓ જોડાયેલ હતા.

હળવદ ઢવાણા પાટીયા પાસે

હેલીપેડ નજીકપોલીસ ચેકપોસ્ટ પર ટક પલ્ટી મારતા નાસભાગ ચાર પોલીસ કેમીનો આબાદ બચાવ



આજે બપોરના સી એમ વિજયભાઈ રૂપાણી આવના છે મોટી જાનહાનિ ટળી

હળવદ ધાંગધ્રા હાઈવે પરઆવેલ કયોબા ઢવાણા પાટીયા પાસે પોલીસ ચેકપોસ્ટ પર ટ્રક પલટી મારતા ચાર પોલીસકેમીનો ચમત્કારી બચાવ આજે સવારે ૯ વાગ્યા ની આજુબાજુ બનાવ બન્યો હતો, કોઈબા ઢવાણા પાટીયા પાસે આવેલી ચેકપોસ્ટ પર ધાંગધ્રા થી હળવદ તરફ જઇ રહેલી રૂની ગાંસડી ભરેલી ટ્રક અચાનક પલટી મારી જતા ચેકપોસ્ટ પર ફરજ બજાવતા ચાર પોલીસ કેમીનો આબાદ બચાવ થયો હતો, ચેકપોસ્ટમાં રહેલા ચાય પોલીસકર્મીનો આબાદ બચાવ થયો હતો જ્યારે બાજુમાં હેલીપેડ છે જ્યા બપોર ના સી એમ આવા ના છે બીલકુલ નજીક છે મોટી દુર્ઘટના બનતી ટળી હતી, અને ઘટનાની જાણ થતા પીઆઈ એમ, આર, સોલંકી ,રમેશભાઈ તથા સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો કોઈ જાનહાની થવા પામી નથી.



રાણપુર પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ

આગામી લોકસભા ચુંટણી દરમ્યાન કોઈ અનિચ્છીનીય બનાવ નો બને તે માટે બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક રાજદિપસિંહ નકુમના માર્ગદર્શન મુજબ રાણપુર પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ.રાણપુરના પ્રમુખસ્વામી માર્ગ ,અણીયાળી રોડ અને ગીબ રોડ ઉપર રાણપુરના મહીલા પી.એસ.આઈ-એમ.જે.સાગઠીયા અને સ્ટાફ દ્વારા રાણપુરના જાહેર માર્ગો ઉપર ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યુ હતુ..

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદીરે હનુમાન જયંતીની ધામધુમથી ઉજવણી કરવામાં આવશે



લોક ડાયરો તથા મંદીરના પરિસરમાં સૌ પ્રથમવાર લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવામાં આવશે



બોટાદ જીલ્લામાં આવેલ વિશ્વ પ્રસિધ્ધ સાળંગપુર ગામે કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીરે આગામી તારીખ-૧૯.૪ ૨૦૧૯ ના રોજ હનુમાન જયંતી હોય.જે અંતર્ગત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના સાનિધ્યમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.જ્યારે હનુમાનજી મંદિરમાં સૌ પ્રથમવાર ભવ્ય લાઈટ એન્ડ સાઉન્ડ શો કરવામાં આવશે આ પ્રસંગે તારીખ-૧૮.૪.૨૦૧૯ ને ગુરૂવારે રાત્રે ૯ વાગ્યે લોક ડાયરો રાખવામાં આવ્યો છે જેમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને હાસ્યકલાકાર દિગુભા ચુડાસમા તથા સાથી કલાકારો દ્વારા લોક ડાયરાની રમજટ બોલાવશે.જ્યારે હનુમાન જયંતીના દિવસે કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને સવારે ૫.૧૫ કલાકે મંગળા આરતી,૭ કલાકે શણગાર આરતી,સમૂહ યજ્ઞનો પ્રારંભ,૯.૩૦ કલાકે અભિષેક દર્શન,બપોરે ૧૧.૩૦ કલાકે અન્નકુટ આરતી સહીત જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. હનુમાન જયંતીની ઉજવણી અંગે સાળંગપુર હનુમાનજી મંદીરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે દર વર્ષની જેમ પરંપરાગત હનુમાન જયંતીની ધામધુમથી કરવામાં આવે છે આ વર્ષે પણ વિશેષ રીતે ઉજવણી કરવામાં આવશે હનુમાન જયંતીના દિવસે દેશ-વિદેશથી હજારો ભક્તો દાદાના દર્શન કરવા આવનાર છે સેવક સમુદાય દ્વારા હનુમાન જયંતીની ઉજવણીની તડામાર તૈયારી કરવામાં આવી રહી છે..

આંતરરાષ્ટ્રીય ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં ભુજની "માનવજ્યોત" સંસ્થાને સ્થાન મળ્યું





અમેરિકાનાં બે મોટા શહેરોમાં "વૈષ્ણવજન" ફિલ્મ દર્શાવાશે.

ભુજ કચ્છ: તા.૧૧-૪-૨૦૧૯ આંતરરાષ્ટ્રીય ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં ગાંધીજીનાં આદર્શોને દર્શાવતી શોર્ટ ફિલ્મ "વૈષ્ણવજન" ની પસંદગી થયેલ છે.

શોર્ટ ફિલ્મ "વૈષ્ણવજન" માં પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ ચાલતી "માનવજયોત સંસ્થા' ભુજની વિવિધ સેવાઓને આવરી લેવામાં આવી છે.

આ ફિલ્મનાં દિગદર્શક મુળ ભુજનાં હાલે અમદાવાદ રહેતા સમ્યક વૈદ્યે કરેલું છે.અભિનય તેમની સુપુત્રી બાળ કલાકાર સ્વરા વૈદ્ય કરેલું છે અને નિર્માણ વૈશાલી વૈદ્યે કરેલું છે. મ્યુઝિક નિર્સગ ઠક્કરે આપ્યું છે.

અમેરીકાનાં મોટા શહેરોનાં થિયેટરોમાં 'વૈષ્ણજન' ફિલ્મ તા. ૭ થી ૯ જુનનાં અમેરિકાનાં લોસ એન્જલસમાં અને તા. ૧૫ થી ૧૬ જુનનાં ન્યુજર્સીમાં દેખાડવામાં આવશે.

આમ, ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં ભુજની 'માનવજયોત સંસ્થાનાને' સ્થાન મળ્યું છે.માનવજયોત સંસ્થા ભુજની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અમેરિકાનાં બે મોટા શહેરોમાં દર્શાવાશે.

રાણપુરના ત્રીકમપરામાંથી બે પહેલા ચોરાઈ ગયેલુ મોટરસાઈકલ મળી આવ્યુ

રાણપુરથી ત્રણ કીલોમીટર દુર જાગતી મેલડીમાંના મંદીર પાસેથી બાઈક સહી સલામત રીતે મળી આવ્યુ



બોટાદ જીલ્લાના રાણપુરમાં બે દિવસ પહેલા મેઈન બજારમાં આવેલ ત્રીકમ પરા વિસ્તારમાંથી પાર્ક કરેલુ મોટરસાઈકલ ચોરાઈ ગયુ હતુ. મોટરસાઈકલની ચોરી કરી નાસી છુટેલ શખ્સ મોઢે રૂમાલ બાંધી મોટરસાઈકલ લઈને જતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

આ બાબતે મળતી માહીતી મુજબ રાણપુર ખાતે મેઈન બજારમાં ત્રીકમ પરા વિસ્તારમાં આદમભાઈ ની ઘંટી પાસે બે દિવસ પહેલા બપોરના અંદાજે ૧૨ વાગ્યાની આસપાસ ભાવીનભાઈ મનસુખભાઈ પઢારીયા(ઉર્ફે-ચકાભાઈ મીસ્ત્રી)ત્રીકમ પરામાં આદમભાઈ ની ઘંટી પાસે પોતાનુ એચ.એફ.ડીલક્ષ જી.જે.૦૧.જી.૦૧૬૧ મોટરસાઈકલ પાર્ક કરીને બાજુમાં આવેલી દુકાનમાં બેઠા હતા.અંદાજે અડધા કલાક બાદ તેવો ત્યાથી બહાર આવતા ત્યા તેમનુ મોટરસાઈકલ હતુ નહી.તેમણે તાત્કાલિક રાણપુર પોલીસ ને જાણ કરી પોલીસ દ્વારા તે વિસ્તારમાં સીસીટીવી કેમેરા ચેક કરતા એક શખ્સ મોઢે રૂમાલ બાંધી મોટરસાઈકલ લઈ જતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.રાણપુરમાંથી ધોળા દિવસે મેઈન બજારમાંથી મોટરસાઈકલ ની ચોરી થયાની જાણ રાણપુરમાં વાયુવેગે ફેલાતા સમગ્ર રાણપુરમાં ચકચાર મચી ગઈ હતી.રાણપુર પોલીસ દ્વારા આ બાબતે ગંભીરતા દાખવી મોટરસાઈકલ ની ચોરી કરી નાસી છુટેલા શખ્સ ને ઝડપી પાડવા એડીચોટી નું જોર લગાવ્યુ હતુ.શંકાસ્પદ વ્યક્તીઓની પુછપરછ તથા શંકાસ્પદ જગ્યાઓ ઉપર તપાસ કરી રહી હતી.ત્યારે મોટરસાઈકલ ની ચોરી કરેલ શખ્સ ને પોલીસના હાથે પકડાઈ જવાની બીકે પગે રેલો આવતા આજે વહેલી સવારે રાણપુર થી ત્રણ કીલોમીટર દુર જાગતી મેલડીમાંના મંદીર પાસેથી બાઈક મળી આવ્યુ હતુ.

ભાજપ લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડાનો ભચાઉ તાલુકામાં લોકસંપર્ક પ્રવાસ



૨૦૧૯ની લોકસભાની ચુટણીઓએ વિકાસની રાજનીતિ સામે અવસરવાદિતાની રાજનીતિ વચ્ચેની આરપારની લડાઈ છે. ચુટણીએ જનજનના સંપર્ક દ્વારા સાથે મળીને ઉજવવાનો મહોત્સવ છે-વિનોદ ચાવડા

જનજન નાયક નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી નહી પણ પ્રધાન સેવક બનીને દેશની સેવા કરે છે. ત્યારે ભાજપ કાર્યકર્તાઓની આવડત,સક્ષમ સંગઠન અને મોદીના પ્રેરણાદાઈ નેતૃત્વનો ત્રિવેણી સંગમ ૨૦૧૯ની લોકસભાની ચુટણીઓમાં ઈતિહાસ સર્જશે અને તેમાં આપણે સહભાગી બનવાનું છે. તેમ ભાજપ ઉમેદવાર વિનોદ ચાવડાએ ભચાઉ તાલુકાના ચોપડવા,સામખિયારી,જંગી, કટારીયા,લાકડિયા, વિજપાસર,કંથકોટ,ચોબારી, કડોલ,આમરડી લોક સંપર્ક દરમ્યાન જણાવ્યુ હતું. રાજયમંત્રી વાસણભાઈ આહિરે પાંચ વર્ષની વિનોદભાઈના કાર્યોને બિરદાવતા દેશના વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા સમાન,સર્વ સ્પર્શી,સર્વ વ્યાપી અને સર્વ હિતકારી નિર્ણાયક સરકારની રચના માટે 'કમળ'ને મત આપી ભાજપાને ભવ્ય વિજય અપાવો તેમ વાસણભાઈ આહિરે જણાવ્યુ હતું.જયારે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, માલતિબેન મહેશ્વરી,માજી ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, અરજણભાઈ રબારીએ જણાવ્યુ હતું કે, ભાજપા કોઈ એક પરિવાર કે જ્ઞાતિ-જાતિ માટે નહી પરંતુ સમગ્ર દેશની જનતાના વિકાસ માટે કામ કરતી પાર્ટી છે.સેવાના ભાવ સાથે કાર્યરત એવા લાખો કાર્યકર્તાઓની ફોજ પરિશ્રમની પરકાષ્ટા સર્જવા તૈયાર છે. ગુજરાતમાં ભાજપ ૨૬ સીટ પર વિજય મળશે જ પરંતુ હવે લડાઈ માત્ર લીડ વધારવાની છે. તેમ જણાવ્યુ હતું.

લોક સંપર્ક પ્રવાસમાં રાજયમંત્રી વાસણભાઈ આહીર, માંડવી ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામ ધારાસભ્ય માલતિબેન મહેશ્વરી,માજી ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, અરજણભાઈ રબારી,વિકાસભાઈ રાજગોર, ઉમિયા શંકર જોષી, ભરતસિંહજી, નરેન્દ્રસિંહ, જનકસિંહ,નવલબેન, સિધ્ધરાજસિંહજી,ગોવિંદ ચાવડા, વાઘજીભાઈ વિગેરે સાથે રહ્યા હતા.

રાજનાથસિંહ બિહારમાં ચૂંટણી રેલી સંબોધતા હતા ત્યારે રાજનાથસિંહે ખેડૂતોને પૂછ્યુ ૨૦૦૦નો હપ્તો મળ્યો તો જવાબ આવ્યો ના...!!

પૂર્ણિયા

લોકસભા ચૂંટણી ૨૦૧૯ની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. પહેલા તબક્કાનું મતદાન ચાલી રહ્યુ છે, તો અન્ય તબક્કાના મતદાન માટે પ્રચાર થઈ રહ્યુ છે. રેલીઓ દરમિયાન ઘણા એવા કિસ્સાઓ બને છે જે નેતાઓ માટે મુશ્કેલી ઉભી કરી દે છે. કંઈક આવુ જ ગૃહ મંત્રી રાજનાથ સિંહ સાથે થયુ, જ્યારે તેઓ બિહારમાં રેલી કરી રહ્યા હતા. જ્યારે રેલી કરતા સમયે રાજનાથ સિંહે લોકોને પૂછ્યુ કે 'તમને ખેડૂત યોજના હેઠળ ૨૦૦૦ રૂપિયાનું હપ્તો મળ્યો?' તો ખેડૂતોની તરફથી જવાબ મળ્યો, 'ના નથી મળ્યો.'

વાસ્તવમાં રાજનાથ સિંહ બિહારના પૂર્ણિયા સીટ પર NDA માટેની રેલી સંબોધિત કરી રહ્યા હતા. ભાષણ દરમિયાન રાજનાથ સિંહ રેલીમાં હાજર લોકોને પૂછ્યુ કે, તમને પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના હેઠળ ૨૦૦૦ રૂપિયાનો હપ્તો મળ્યો, તો ખેડૂતોએ જવાબ 'ના' માં આપ્યો. આ પછી 'ના' કહી રહેલા લોકોને રાજનાથ સિંહ હાથ નીચે કરવા માટે કહ્યુ, તેમણે તેમ પણ કહ્યુ કે, જો કોઈ ૨-૪ના રૂપિયા મળ્યા હોય તો પણ હાથ ઉંચા કરી દો, પરંતુ કોઈએ હાથ ઉપર ના કર્યો. ચોંકી ગયેલા રાજનાથ સિંહે મંચ પર બેઠેલા લોકોને પૂછ્યુ 'વાસ્તવમાં કોઈને હપ્તો નથી મળ્યો? મંચ પર થોડો સમય વાતચીત કર્યા પછી રાજનાથ સિંહે ત્યાં હાજર લોકોને આશ્વાસન આપ્યુ કે, ''અમે દેશના ખેડૂતોને ૬૦૦૦ રૂપિયા વાર્ષિક આપવાની મદદ કરી રહ્યા છીએ, જેના હેઠળ ૨૦૦૦ રૂપિયાનો પહેલો હપ્તો આપવામાં આવી રહ્યો છે, જે ખેડૂતોને નથી મળ્યો તેને પહેલો હપ્તો જલ્દીથી મળી જશે.

વિપક્ષ નું સૂત્ર મોદી હટાવો આપણું સૂત્ર ભ્રષ્ટાચાર હટાવો

એક બાજુ ચોકીદાર છે અને બીજી બાજુ ચોરની જમાત: વિજય રૂપાણી



હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાના પેટાચૂંટણી માં હપ્રવદ ખાતે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી હળવદ જાહેર સભા સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે કોંગ્રેસ સત્તા માટે મરી રહી છે.સાથે જ કોંગ્રેસ આખુ કાશ્મીર આતંકવાદીઓને હવાલે કરી દીધો હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. હળવદ ગાંધી બાગ ખાતે સભા સંબોધી હતી તેમણે કોંગ્રેસ પર બરાબર ના ચાબખા મારતા કહ્યું હતું કે હળવદ ધાંગધ્રા વિધાનસભાની પેટાચૂંટણી ના પડઘમ વાગી ચુકયા છે દેશ કોનાહાથમાં સલામત છે ?કોણ આ દેશની રક્ષા કરશે. ત્યારે આ દેશના વડાપ્રધાન ૫૬ ની છાતી વાળા જોઈએ છે કે ડરપોક આ વખતની ચૂંટણીમાં ×ચોર અને ચોકીદાર ×વચ્ચેની ચૂંટણી છે આ દેશની કરવેરાની તિજોરીને પજો લુટી ન જાય, ગરીબો માટેની યોજના પહોંચી તે માટે હું ચોકી કરો છુ, ત્યારે એક તરફ ચોકીદારને બીજી તરફ ચોરોની જમાત છે મિલાવટવાળા ભેગા થયાછે તેમનું સૂત્ર છે મોદી હટાવો આપણું સૂત્ર છે ભ્રષ્ટાચાર હટાવો ત્યારે મતદારો એ નિર્ણય કરવાનો છે તેમ જણાવ્યું હતુ આ વખની ચુંટણી એક તરફ રાષ્ટ્ર વાદ બીજી તરફ પરિવારવાદ રાષ્ટ્રવાદી લોકો ઈચ્છે છે કે ભારત માતા શક્તિશાળી બને આ દેશની સત્તા ગાંધી પરિવારના સિવાય કોઈના રાખી શકે એવી પરિવાર માનસિકતા ધરાવે છે હળવદ ની જનતા ને વધુ સજાગ બનવાની જરૂર છે ગરીબોની ચિંતા અમે કરીએ છીએ જન ધન યોજના ઉજવલા યોજના શોચાલય યોજના આવાસ યોજના આયુષ્માન યોજના આ તમામ યોજના ગરીબો માટે આ સરકારે બનાવી છે અને આમ લોકોની ચિંતા આ સરકારને સતાવી રહી છેઆ પ્રસંગે આ પ્રસંગેઉમેદવાર પરસોતમ સાબરીયા, નીતિનભાઈ ભારદ્વાજ આઈ કે જાડેજા પુવૅમંત્રી જયંતીભાઈ કવાડિયા હળવદ નગરપાલિકા પ્રમુખ હીનાબેન રાવલ પ્રકાશભાઈ સોની, ભરતભાઈ ડેલીવાળા,બીપીનભાઈ દવે, કાંતિભાઈ અમૃતિયા જશુભાઈ પટેલ ધમેશેભાઈ ઝાલા ,સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા,કાયૅકમને સફળ બનાવવા હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ રજંનીભાઈ સધાંણી, રમેશ ભગત તપનભાઈ દવે ઘનશ્યામભાઈ સહિતના ગ્રામ્ય તથા શહેરના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

જોબવર્ક કરતા કારખાનેદાર સાથે ૩૪ લાખની છેતરપિંડી

સારોલીના વેપારીએ ધમકી આપતા મામલો પોલીસમાં

સુરત

સારોલીના વેપારીએ એમ્બ્રોઈડરી જેબકામ કરનારા સાથે રૂ.૩૪ લાખની ઠગાઈ કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કડોદરા કર્દમ રેસીડેન્સીમાં રહેતા આલોક રામચંદ્ર પાંડેએ આરોપી અશોક એન. રાવળ (રાધાકિષ્ણા લોજિક પાર્ક, સારોલી) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી અશોક એન. રાવલે ફરિયાદી પાસે કુલ રૂા.૩૪,૦૦,૮૧૨નું જોબકામ અને ડિઝાઈનીંગનું કામ કરાવ્યું હતું. પાર્ટ પેમેન્ટ પેટે આપેલા ચેકો પમ રિર્ટન થયા હતા અને પેમેન્ટ માટે ખોટા વાયદાઓ કર્યા હતા. ફરિયાદી આલોક પાંડેએ વારંવાર ઉઘરાણી કરતા આરોપી અશોક રાવળે ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

બાબાજી બાગ પ્રોજેક્ટમાં ફ્લેટનું બુકિંગ કરાવનાર લોકો છેતરાયા

રેસીડેન્સી પ્રોજેક્ટનું આયોજન કરનાર એફ-ઝેડ એન્ટરપ્રાઈઝના ભાગીદારો સામે ફરિયાદ

સુરત

સને ૨૦૧૦માં બાબાજી બાગ નામના રેસીડેન્સી પ્રોજેક્ટનું આયોજન કરી ફ્લેટ બુકિંગના નામે લોકો પાસેથી લાખો રૂપિયાનું રોકાણ કરાવી બાંધકામ નહીં કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. તેમજ બાબાજી બાગના પ્રોજેક્ટના સંચાલકો ફ્લેટ બુકિંગમાં રૂપિયા આપનારાના નામે સેલ્ફ ચેક રૂપિયા પણ ઉપાડી લીધા હતા.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઝાંપાબજાર તૈયબી મહોલ્લો એસએન એપાર્ટમેન્ટમાં રહેતાં શહેનાઝ ખોઝેમભાઈ દાગીનાવાળાએ આરોપી એફઝેડ એન્ટરપ્રાઈઝના ભાગીદાર ાસેફા જોહરમુલ્લા અબ્દુલ હુસૈન મલમપટ્ટીવાળા સહિતના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ બાબાજી બાગ નામના રેસીડેન્સી પ્રોજેક્ટનું આયોજન સને ૨૦૧૦માં કર્યું હતું. આ પ્રોજેક્ટમાં ફરિયાદીએ ફ્લેટનું બુકિંગ કરાવી બાનાની રકમ આપી હતી. ત્યારબાદ પ્રોજેક્ટ મુજબ બાંધકામ નહીં કરી આરોપીઓએ ફરિયાદીના નામથી બેરર ચેક બનાવી જાતે જ ઉપાડી લઈ ફરિયાદીને રકમ પરત કરી હોવાનું બતાવી ફરિયાદી સાથે રૂપિયા ૮૨૫૦૦ની ઠગાઈ કરી હતી. તેમજ આ પ્રોજેક્ટમાં ફ્લેટ બુકિંગ કરાવનારા અન્ય ફ્લેટધારકો સાથે પણ આરોપીઓએ વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી પો.સ.ઈ. જે.પી. ગુમાએ તપાસ હાથ ધરી છે.

જ્ઞાનગંગા વિદ્યાલયના સંચાલક પર હુમલો કરનાર પિતા-પુત્રની ધરપકડ

સુરત

પુણા વિસ્તારની નંદનવન સોસાયટી ખાતે નજીવી બાબતમાં ઝઘડો થતા પિતા પુત્રએ એક સ્કૂલ સંચાલકના કાનમાં બચકુ ભરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પુણા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે પિતા પુત્રની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણાગામ રાધાસ્વામી સોસાયટીમાં મયુરભાઈ ઉકાભાઈ બલદાણીયા રહે છે. તેમની એક જ્ઞાનગંગા વિદ્યાલય આ સોસાયટીમાં આવેલી છે. તેઓ આ સ્કૂલના સંચાલક છે. પોતાની સ્કૂલનું રીપેરિંગનું કામકાજ ચાલતું હતું અને તેઓ રીપેરિંગનો સરસામાન સોસાયટીમાં રહેતાં નારણભાઈ અને પુત્ર મહેશભાઈના ઘર પાસે મુક્યો હતો. સામાન હટાવી લેવાની બાબતે ઝઘડો થતા ઉશ્કેરાઈ ગયેલા પિતા પુત્રએ તિક્ષ્ણ દાંતથી સ્કૂલના સંચાલક મયુરભાઈના કાન પર બચકુ ભરતા તેમને સારવાર માટે પરવત પાટીયા આસ્થા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પિતા પુત્રની ધરપકડ કરી હતી.

ક્લોરીન બોટલ લીકેજ થતા રહિશોને અસર, સ્વિમીંગ પુલ સીલ કરાયો



સુરત

અડાજણ વિસ્તારમાં આવેલી એક હોટેલમાં સ્વિમીંગ પુલનું પાણી ક્લીન કરવા માટે વપરાતા ક્લોરીન ગેસથી ભરેલી બોટલ લીકેજ થતા ફાયરબ્રિગેડ દોડતું થયું હતું. હોટેલની નજીકની સોસાયટીમાં રહેતા સ્થાનિકોને દૂર કરીને બોટલને સાવચેતીપૂર્વક પાણીમાં જ નાંખીને સ્વિમીંગ પુલને સીલ કરવામાં આવ્યો હતો.

અડાજણ વિસ્તારમાં આવેલી હોટલની અંદરના સ્વિમીંગ પુલમાં રાખવામાં આવેલા ક્લોરીનના જુના બાટલામાંથી એક બાટલો કોઈ કારણોસર લીકેજ થયો હતો. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેથી ફાયરના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઓક્સિજન પહેરી લીકેજ બાટલાને સ્વિમીંગ પુલની અંદર ડૂબાડી ક્લોરીન ગેઈલોઈડ કરવાની પ્રોસેસ કરી હતી. બાટલાનું ક્લોરીન વધુ હોવાથી અને ફુલ માત્રામાં બહાર આવવાના કારણે બાજુની સોસાયટીના રહિશોને ક્લોરીનની અસર થતા તાત્કાલિક અસરથી ખાલી કરાવી દીધી હતી. રાત્રે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી બાટલામાંથી ક્લોરીન કાઢવાની કામગીરી ચાલી હતી. ત્યારબાદ ફાયર ઓફિસરની મંજૂરીથી રહિશોને સોસાયટીમાં પ્રવેશ આપ્યો હતો. અને સ્વિમીંગ પુલ સીલ કરી બાટલા જમા કર્યા હતા.

પોતાની જ રેલીમાં ઉમેદવાર ગેરહાજર રહેતા લોકો અચંબામાં પડ્યા

ગાંધીનગર

લોકસભા ચૂંટણીનાં બીજા તબ્બકાના મતદાનને માત્ર થોડા જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા જન્જાવતી પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. ભાવનગર લોકસભાની ચૂંટણી પ્રચાર માટે ભાજપનાં પશ્ચિમ વિસ્તારનાં ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ પ્રમુખ દ્વારા પોતાના મત વિસ્તારમાં ભારતીબેન શિયાળ માટે શહેરનાં ચિત્રા-ફુલસર વિસ્તારમાં રેલી સ્વરૂપે પ્રદેશ પ્રમુખ દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો. પરંતુ ઉમેદવાર વગર જ પ્રચાર પ્રસાર કરવામાં આવતા લોકો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા.

ભાવનગર લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યુ છે. ત્યારે ભાજપ દ્વારા આજે ભારતીબેન શિયાળના પ્રચાર પ્રસાર અર્થે ભાજપનાં પશ્ચિમ વિસ્તારનાં ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી દ્વારા આજે પોતાના મત વિસ્તાર ચિત્રા-ફુલસરમાં રેલી સ્વરૂપે કરવામાં આવ્યું હતું.

ભાજપ ઉમેદવારનાં પ્રચારમાં આવેલ પ્રદેશ પ્રમુખ દ્વારા કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, ભાજપ ઉમેદવારનાં ચહેરાને લોકો ઓળખે છે. જયારે કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડી સુધી ઉમેદવાર ગોતવામાં ફાફા પડી રહ્યા હતા. જેને કારણે કોંગ્રસ દ્વારા આયાતી ઉમેદવારની પસંગી કરી મેદાને ઉતારવામાં આવ્યા છે.

દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવા ચૂંટણી પંચે તૈયારી આદરી

વલસાડ

૨૬-વલસાડ (અ.જ.જા.) મતદાર વિભાગની સામાન્ય ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો વધુમાં વધુ મતદાન કરે તેમજ દિવ્યાંગ મતદારો માટે મતદાનના દિવસે વિશેષ વ્યવસ્થા કરવાના આયોજનના ભાગરૂપે એક્સેસીબીલીટી ઓબ્ઝર્વર બી.કે.કુમારે વલસાડ કલેક્ટરાલય ખાતે વિશેષ બેઠક યોજી હતી.

આ બેઠકમાં બી.કે.કુમારે જણાવ્યું હતું કે, જે બુથમાં દિવ્યાંગ મતદારો નોંધાયા છે ત્યાં પાણી, પાર્કિંગ, ટોઈલેટની સુવિધા કરવાની સાથે વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. દિવ્યાંગ મતદારોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે બ્રેઈનલીપી માર્ગદર્શિકા પણ સંબંધિત બુથ ઉપર રાખવામાં આવશે. તેમને મદદરૂપ થવા ૪૧૯ જેટલા સહાયકો તૈનાત કરાશે. દિવ્યાંગ મતદારો મતદાન પ્રક્રિયા અંગે વાકેફ થાય તે માટે તેમને સાઈન લેન્ગ્વેજ અને બ્રેઈન લીપીની તાલીમ પણ આપવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી...

અશ્લીલ સાઇટની જાળ

છેલ્લા બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી ચિંતાજનક રીતે વધારો થયો છે. આની પાછળ કેટલાક કારણો તો બિલકુલ દેખીતા છે. પ્રત્યક્ષ રીતે ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાઇટ્સ સરળ રીતે જોઇ શકાય છે. આના દુષણના કારણે આ બનાવો વધી રહ્યા છે. અલબત્ત સરકારે અશ્લીલ સાઇટ્સ અથવા તો પોર્ન સાઇટ્સ પર પ્રતિબંધ મુકવા માટે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ પગલા લીધા હોવા છતાં તેની અસરકારકતા ઘટી રહી નથી. આની પાછળ પણ આ સાઇટ્સને લઇને યુવાનો ખેંચાઇ રહ્યા હોવાના કારણને જોઇ શકાય છે. કોમ્પ્યુટર અને મોબાઇલ પર ઇન્ટરનેટ ગેમ રમવાની બાબત બાળકોને નુકસાન કરી રહી છે. બાળકો પણ મોટી વયના લોકોની જેમ જ ઇન્ટરનેટ તરફ કેન્દ્રિત થઇ રહ્યા છે. ક્યા ક્યા પ્રકારની સામગ્રી જોવામાં આવી રહી છે. આના પર ખુબ ઓછા લોકોનુ ધ્યાન કેન્દ્રિત થાય છે. આના કારણે બાળકોના શિક્ષણને માઠી અસર થઇ રહી છે. સાથે સાથે બાળકોની માનસિક સ્થિતી પણ ખરાબ થઇ રહી છે. કેટલાક કેસોમાં તો તેમને પુન વસવાટ કેન્દ્રોમાં પણ મોકલી દેવામાં આવે છે. થોડાક દિવસ પહેલા જ કેન્દ્ર સરકારે સ્વાગતરૂપ પહેલ કરીને અશ્લીલ સાઇટ્સ ધરાવતી સંસ્થાઓ પર કાર્યવાહી કરી હતી. સાથે સાથે અશ્લીલ સામગ્રી પિરસતી ૮૦૦ સાઇટ્સ પર પ્રતિબંધ લાદી દીધા હતા. આ સાઇટ્સને બંધ કરવાના આદેશ જારી કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં કોર્ટે અશ્લીલ સાઇટ્સ બંધ કરવાના સંબંધમાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. એ વખતે સરકારે ચાઇલ્ડ પોર્નોગ્રાફી પર પ્રતિબંધ મુકવા માટેની સહમતિ દર્શાવી હતી. પરંતુ સિવિલ લિબર્ટિજ અને તમામ સંગઠનોએ એમ કહીને આની સામે વાંધો ઉઠાવ્યોહતો કે કોઇ વ્યક્તિને એકાંતમાં કોઇ પોર્નોગ્રાફી ફિલ્મ જોવાથી કેમ રોકી શકાય છે. પરંતુ આ માત્ર વ્યક્તિ સ્વતંત્રતાનો પ્રશ્ન નથી. શુ ઇન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિને મર્યાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં આવી કોઇ વ્યવસ્થા નથી જેના કારણે કોઇ નિયંત્રિત ચીજો પુખ્તવયના લોકો સુધી મર્યાદિત રહે. બાળકો ક્લીક કરે ત્યારે આવી કોઇ સાઇટ્સ ન ખુલી જાય. આવી સ્થિતીમાં અશ્લીલ સાઇટ્સોને ચલાવવા માટેની બાબત કેટલી વાજબી છે. ચોક્કસપણે બાળકો સુધી આની ઉપલબ્ધતા ખતરનાક છથે. સાથે સાથે વિકૃતિ સમાન છે. અમને આ બાબતને તાર્કિદની રીતે સમજી લેવાની જરૂર છે. અમારા દિમાગની બનાવટ એવા પ્રકારની છે કે જે ચીજો વ્યક્તિ વારંવાર જુએ છે અને નિહાળે છે, વાંચે છે તેની અસર તેના પર થાય છે. આ પ્રકારની બાબત તેની વિચારવાની શક્તિ પર અસર કરતી નથી પરંતુ સાથે સાથે તેને અન્ય રીતે નુકસાન પણ કરે છે. જે ચીજો વારંવાર વ્યક્તિ નિહાળે છે અને અનુભવ કરે છે તે બાબતને વ્યક્તિ સ્વીકાર કરવા લાગે છે. જેથી પોર્ન સિનેમા અથવા તો કોઇ ડિજિટલ માધ્યમથી પિરસવામાં આવતી પોર્ન ફિલ્મોની અસર તેના દિમાગ પર સીધી રીતે થાય છે.

અશ્લીલ સાઇટોને ચાલુ રાખવા માટેની બાબત કેટલી વાજબી છે તેની ચર્ચા છેડાઇ

જેટ એરવેઝ બંધ થવા તરફ



જેટ એરવેઝની મુશ્કેલીમાં જોરદાર વધારો થઇ રહ્યો છે. હાલમાં કટોકટી વચ્ચે સ્થિતી એ થ ગઇ છે કે તેના કાફલામાં રહેલા ૧૨૩ વિમાનો પૈકી હવે માત્ર ૩૬ વિમાનો જ સેવામાં રહ્યા છે. તેના ૭૫ ટકા કરતા વધારે વિમાન હવે સેવામાં નથી. પગાર અને અન્ય કેટલાક પ્રકારની ચુકવણીના કારણે હાલત કફોડી બનેલી છે. આર્થિક સંકટ વચ્ચે જેટ એરવેઝની મુશ્કેલી હવે વધારે વધી ગઇ છે. બાકી ચુકવણી ન કરવાના કારણે જેટનુ એક વિમાન એમ્સટર્ડમમાં કબજામાં લઇ લેવામાં આવ્યુ છે. આ વિમાન એમ્સટર્ડમથી મુંબઇ આવનાર હતુ. એરવેઝના હજુ સુધી મોટા ભાગના વિમાન બંધ થઇ ગયા છે. જેટ એરવેઝની ફ્લાઇટ હાલમાં બંધ થઇ ગયા બાદ અન્ય એરલાઇન્સની ફ્લાઇટમાં ૧૦૦ ટકા સુધીનો વધારો થઇ ગયો છે. આવી સ્થિતીમાં સરકારે બુધવારના દિવસે એરલાઇન્સ કંપનીઓની ઇમરજન્સી બેઠક બોલાવી હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. જેટ એરવેઝના સંસ્થાપક નરેશ ગોયલે લોન આપનાર બેંકોને કહ્યુ છે કે તેઓ પોતાના બીજા શેર પણ ગિરવે મુકવા માટે તૈયાર છે. પરંતુ આના બદલે કંપનીને ૧૫૦૦ કરોડ રૂપિયાની રકમ મળી જાય તે જરૂરી છે. જો કે બેંકો તરફથી આ સંબંધમાં વલણ સ્પષ્ટ કરવામાં આવ્યુ નથી. બીજી બાજુ જેટના બીજા સૌથી મોટા શેર હોલ્ડર ઇકિહાદે બેંકોની દરખાસ્ત પર ચર્ચા કરવા માટે બોર્ડ બેઠક બોલાવવા માટેની તૈયારી કરી છે. ઇતિહાદે પહેલા તો જેટના રિવાઇવલ પ્લાનનો હિસ્સો બનવાનો ઇન્કાર કરી દીધો હતો. જુની ચુકવણી ન થવાના કારણે ઇન્ડિયન ઓઇલ દ્વારા પણ વિમાનોને ફ્યુઅલ ન આપવાનો નિર્ણય કર્યો છે. સપ્લાય બંધ થવાના કારણે હાલત કફોડી બનેલી છે. જેટને જો તરત મદદ નહીં મળે તો સ્થિતી ખરાબ થશે

તમામ એરલાઈન્સ નાણાંકીય મોરચા પર સંઘર્ષ કરી રહી છે...

ઉડ્ડયન સેક્ટરની કટોકટી વધુ ગંભીર

ઉડ્ડયન સેક્ટરમાં હાલમાં એક પછી એક નવી સમસ્યા આવી રહી છે. એરલાઈન્સ માટે તેમની ફ્લાઇટ ઓપરેશનમાં પણ રાખવા સામે પણ પડકારો આવી રહ્યા છે. જો અભ્યાસ કરવામાં આવે તો જાણી શકાય છે કે આ ક્ષેત્રમાં મંદી માટે કેટલાક નક્કર કારણો રહેલા છે. હાલમાં ઉડાણો મુશ્કેલ બની રહી છે. સંસ્થાપક ચેરમેન નરેશન ગોયલે હોદ્દો છોડી દીધા બાદ અને આશરે ૨૦૦ કરોડ રૂપિયાની તાત્કાલિક મદદ મળી ગયા બાદ પણ જેટ એરવેઝનુ સંકટ અકબંધ રહ્યુ છે. આ રકમ તો કર્મચારીઓને ગયા ડિસેમ્બર મહિનાના પગારની ચુકવણીમાં અને ફ્યુઅલની બાકી રહેલી રકમની ચુકવણી કરવામાં જ પૂર્ણ થઇ ગઇ છે. હજુ બહારની મદદ મળશે નહીં તો ઉદારીકરણના આ દોરમાં આવેલી શરૂઆતી ઉડ્ડયન કંપનીઓ પૈકીની એક એવી જેટ એરવેઝ એપ્રિલ મહિના અંત સુધી સંપૂર્ણ પણ બંધ થઇ જવાના સંકેત દેખાઇ રહ્યા છે. આ કંપનીને તાત્કાલિકિ ધોરણો મદદની જરૂર દેખાઇ રહી છે. હાલના દિવસોમાં તમામનુ ધ્યાન જેટ એરવેઝ તરફ છે પરંતુ વાસ્તવિકતા એ છે કે દેશમાં પૂર્ણ એવિએશન સેક્ટર છેલ્લા કેટલાક સમયથી ભારે સંકેટમાં છે. સંકટમાંથી બહાર નિકળી જવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં તેમાં કોઇને કોઇ હિસ્સાની હાલત કફોડી બની રહી છે. વિજય માલ્યાની કિંગ ફિશર પહેલાથી જ ડુબી ચુકી છે અને બંધ પણ થઇ ચુકી છે. પરંતુ હાલના સમયમાં ઇન્ડિગો, સ્પાઇસ જેટ અને ગોએરની હાલત પણ કફોડી બનેલી છે. સરકારી એર ઇન્ડિયાની હાલત પણ સારી નથી તમામ નાની મોટી એરલાઇન્સ નાણાંકીય મોરચા પર મુશ્કેલીનો સામનો કરી રહી છે. ૪૨.૫ ટકા માર્કેટ હિસ્સેદારી ધરાવનાર ઇન્ડિગોની વાત કરવામાં આવે તો ડિસેમ્બરમાં



વિમાની ટિકિટના દર ઓછા રાખવાની મજબુરી, ફ્યુઅલ અને પાર્કિંગ ચાર્જ , લીઝના વધતા ખર્ચના કારણે સંતુલન જાળવવાની બાબત જટિલ

પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં તેના શુદ્ધ નફામાં ૭૫ ટકા સુધીનો રેકોર્ડ ઘટાડો થયો છે. જ્યારે આ ત્રિમાસિક ગાળામાં સ્પાઇસ જેટના શુદ્ધ નફામાં ૭૭ ટકા સુધી મોટો ઘટાડો થયો છે. સ્થિતી એ છે કે ક્ષેત્રીય એરપોર્ટ વિકસિત કરવામાં આવ્યા બાદ બે વર્ષ પહેલા જ લોંચ કરવામાં આવેલી ઉડાણ સ્કીમ હેઠળ ટેન્ડર ભરનાર છ એરલાઇન્સ પોતાના ઓપરેશન બંધ કરી ચુકી છે. આની કિંમત યાત્રીઓને ચુકવવાની ફરજ પડી રહી છે. આના કારણે યાત્રીઓને ફ્લાઇટ કેન્સિલેશન અને વધારી દેવામાં આવેલી ટિકિટની કિંમતોચુકવવાની ફરજ પડી છે. એવિએશન સેક્ટરની અનિયમતત્તાના કારણે સરકારની હાલત પણ કફોડી બની રહી છે. અત્રે નોંધનીય છે કે ભારતમાં હજુ સુધી ઉડ્ડયન ક્ષેત્ર અથવા તો એવિએશન સેક્ટર સરકારી પૈસા પર આગળ વધતા કેટલીક તકલીફો આવતી રહી છે. હજ અંગેની સબસિડી હોય કે પછી સરકારી વિમાની યાત્રા કરનાર લોકોના બિલની ચુકવણી કરવાની બાબત હોય તમામ મોરચે કેટલીક સમસ્યા આવતી રહી છે. જ્યારે સરકારો આના ખર્ચને લઇને સાવધાન થઇ ત્યારે અને કાનગી વમાની કંપનીઓની દરમિયાનગીરીથી વિમાની યાત્રી પણ સામાન્ય રીતે આમાં આવવા લાગી ગયા છે. આ વિશાળ ગ્રાહક વર્ગને આકર્ષિત કરવા માટે ટિકિટના દર ઓછા રાખવાની ફરજ પડી હતી. આવી સ્થિતીમાં ફ્યુઅલ, પાર્કિંગ અને લીઝના વધતા જતા ખર્ચની વચ્ચે સંતુલન જાળવવા માટેની બાબત મુશ્કેલરૂપ બની ગઇ છે. જેટ એરવેઝની સ્થિતમાં સુધારા તો ચોક્સપણે થશે એવી આશા છે પરંતુ ઉડ્ડયન સેક્ટરની સામે જે તકલીફો આવી રહી છે તે દિશામાં વધારે પ્રયાસ કરવાની જરૂર છે. કારણ કે સમસ્યા હજુ વધી શકે છે. બોઇંગ ૭૩૭ વિમાન બંધ કરવામાં આવ્યા બાદ પણ કેટલીક સમસ્યા ઉભી થઇ ગઇ છે. આ સમસ્યાને પણ લાંબા ગાળે તો દુર કરી લેવામાં આવનાર છે પરંતુ આ સેક્ટરના ફેલાવા માટેના પડકારો હજુ અકબંધ રહેનાર છે. જો માર્ચ ૨૦૧૯માં પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષમાં ભારતીય કંપનીઓનુ નુકસાનને ધ્યાનમાં લેવામાં આવે તો આંકડો કુલ ૧.૭ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. અને આગામી નાણાંકીય વર્ષમાં ઘટીને ૫૫થી ૭૦ કરોડ ડોલરની વચ્ચે રહી શકે છે. જો કે ફાયદામાં જવાની બાબત તો ભારે મુશ્કેલ સમાન છે. ઉડ્ડયન સેક્ટરની સ્થિતીને સરળ કરવા માટે જુદા જુદા પગલા લેવામાં આવે તે જરૂરી છે.

માનસરોવર જવા ઇચ્છુક લોકો માટે પ્લાન કરવાની જરૂર છે...

કૈલાશ માનસરોવર યાત્રા માટે નોંધણી

જો તમે આ વર્ષે કૈલાશ માનસરોવરની યાત્રા કરવા માટેની તૈયારી કરી રહ્યા છો તો પ્લાન બનાવવા માટેની તૈયારીમાં લાગી જવાની જરૂર છે. વર્ષ ૨૦૧૯ની કૈલાશ માનસરોવર યાત્રા માટે નોંધણી કરવા માટેની શરૂઆત થઇ ચુકી છે. વિદેશ મંત્રાલય દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શ્રદ્ધાળુઓ તમામ માહિતી એકત્રિત કરીને નોંધણી કરાવી શકે છે. આ વર્ષે કૈલાશ માનસરોવરની યાત્રા નાથુલા અને લિપુલેખ મારફતે ચાલનાર છે.નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ કૈલાશ માનસરોવરની યાત્રા આઠમી જુનના દિવસે શરૂ કરવામા આવ્યા બાદ આઠમી સપ્ટેમ્બર સુધી ચાલનાર છે. તમામ લોકો માટે આ કૈલાશ માનસરોવરની યાત્રા હોય છે. જો કે આ યાત્રા કરવા માટે કેટલીક શરતો લાગુ કરવામાં આવેલી છે. જે પૈકી એક શરત તો એ છે કે ૧૮થી ૭૦ વર્ષની વયના લોકો જ આઈ યાત્રા કરી શકે છે. નોંધણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા હાલમાં જારી છે. કૈલાશ માનસરોવરની યાત્રા કરવા માટે ઇચ્છુક લોકો નવમી મે સુધી તેમની નોંધણી કરાવી શકે છે. જાણકાર લોકો અને સરકાર તરફથી કહેવામાં આવ્યુ છે કે આ યાત્રા આઠમી જુનના દિવસે શરૂ કરવામાં આવ્યા બાદ આઠમી સપ્ટેમ્બરના દિવસ સુધી યાત્રા ચાલનાર છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે ઉત્તરાખંડના લિપુલેખ મારફતે કૈલાશ માન સરોવરની યાત્રા કરવા માટે ઇચ્છુક શ્રદ્ધાળુ માટે ખર્ચ પ્રતિ વ્યક્તિ ૧.૮ લાખ રૂપિયા રહેશે. આના માટે ૬૦-૬૦ શ્રદ્ધાળુઓના કુલ ૧૮ જથ્થા બનાવવામાં આવ્યા છે. દરેક જથ્થા માટે યાત્રા માટેની અવધિ ૨૪ દિવસની રાખવામાં આવી છે. જેમાં યાત્રા સંબંધિત તૈયારી માટે દિલ્હીમાં ત્રણ દિવસ માટે રોકાવવા માટેની બાબત સામેલ છે. યાત્રીઓને



આ વર્ષે કૈલાશ માનસરોવરની યાત્રા નાથુલા લિપુલેખ વિસ્તારમાંથી આઠમી જુનના દિવસે શરૂ કરવામાં આવનાર છે

ચિયાલેખ ખીણ અથવા તો ઓમ પર્વતની ખુબસુરત કુદરતી સુન્દરતા જોવાની પણ તક મળી શકે છે. આ પર્વત પર કુદરતી રીતે બરફ સાથે ઓમની પ્રતિકૃતિ બનેલી હોય છે. મંત્રાલય તરફથી જે માહિતી આપવામાં આવી છે તે મુજબ નાથુલા મારફતે જનાર માર્ગ મોટર વાહન તેમજ ટ્રેનિંગ ન કરી શકનાર સિનિયર સિટિજન્સ માટે વધારે આદર્શ છે. ગંગટોકમાંથી પસાર થનાર આ માર્ગમાં હાંગુ લેક અને તિબેટ આવે છે. આ રસ્તાથી ખર્ચની વાત કરવામાં આવે તો પ્રતિ વ્યક્તિ ૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. આના માટે યાત્રા અવધિ ૨૧ દિવસની હોઇ શકે છે. આમાં પણ દિલ્હીમાં ત્રણ દિવસ રોકવાવા માટેની બાબત સામેલ છે. આ વર્ષે આ માર્ગ પરથી ૫૦ શ્રદ્ધાળુઓના ૧૦ જથ્થા રવાના કરવામાં આવનાર છે. વિતેલા વર્ષોની જેમ આ વર્ષે પણ અરજી કરનાર દરેક શ્રદ્ધાળુની તબીબી ચકાસણી કરવામાં આવનાર છે. આ વખતે પણ કૈલાશ માનસરોવર માટે જવા ઇચ્છુક લોકો પૈકી મેડિકલ ડોક્ટર અને પરિણિત લોકોને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. મોટી વયના લોકોને તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ નાથુલા માર્ગથી આગળ વધવા માટે કહેવામાં આવે છે. પ્રવાસીઓ બંને માર્ગની પસંદગી કરી શકે છે. જેમાં પ્રાથમિકતા દર્શાવવામાં આવી શકે છે. અથવા તો માત્ર એક માર્ગ પસંદ કરી શકો છો. કોમ્પ્યુટર ડ્રો મારફતે તેમના માર્ગ ક્યા રહેશે તે બાબત નક્કી કરવામાં આવે છે. ડ્રો મારફતે જ તેમને માર્ગ અને જથ્થાની ફાળવણી કરવામાં આવે છે. દર વર્ષે મોટી સંખ્યામાં લોકો કૈલાશ માનસરોવર જાય છે. ભગવાન શિવના સૌથી મોટા ધામ તરીકે તેને ગણવામાં આવે છે. માન્યતા એવી રહેલી છે કે ભગવાન શિવના આવાસ તરીકે કૈલાશ માનસરોવર જગ્યા તરીકે છે. વિષ્ણુ પુરાણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભગવાન શિવના આવાસ તરીકે કૈલાશ જગ્યા છે. કૈલાશ માનસરોવરમાં મોટા ભાગે બરફ રહે છે. આ યાત્રા જટિલ યાત્રા તરીકે હોય છે જેથી જુદા જુદા પાસામાં ચકાસણી કરવામાં આવ્યા બાદ અંતિમ નિર્ણય કરવામાં આવે છે. જૈન પરંપરા પણ કેટલીક બાબતો સાથે સંબંધિત છે. પહાડ કૈલાશ બૌદ્ધ ધર્મમાં પણ ઉલ્લેખ છે. જેથી બૌદ્ધ શ્રદ્ધાળુઓ માટે પણ આ જગ્યા પ્રવાસ ધામ તરીકે છે. કૈલાશ માનસરોવર યાત્રાને લઇને તમામ પ્રકારના શ્રદ્ધાળુઓ હમેંશા ઉત્સુક રહે છે. અહીં જવાની તમામની ઇચ્છા રહે છે. હવે બે માર્ગ કરી લેવામાં આવ્યા બાદ શ્રદ્ધાળુઓને રાહત થઇ છે.

વર્કહોલિજમ-ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહેલા છે...

સતત કલાકો સુધી કામથી ભારે નુકસાન

આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઇફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઇ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઇ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઇ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઇ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઇ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઇ જવાની જરૂર છે. કામની

આધુનિક ભાગદોડની લાઇફમાં ખુબ વ્યસ્ત હોવા છતાં થોડોક સમય પોતાના માટે કાઢવાની નિષ્ણાંત તબીબોની તમામને સલાહ

સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઇટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઇએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એકાંતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઇ શકે છે. હાડકામાં દુખાવો કેટલાક કારણસર થઇ શકે છે. જેમાં ઓસ્ટિયો આર્થરાઇટિસ, સિકલ સેલ એનિમિયના કારણે પણ દુખાવો થાય છે. સ્નાયુ અને માસપેશિયા ખેંચાઇ જવાના કારણે હાડકામાં દુખાવો રહે છે. આ તમામથી બચવા માટે દરેક ૨૦ મિનિટમાં ઉભા થવાની જરૂર હોય છે. ડેસ્ક પર કામ કરનાર લોકોએ લાંબા સમય સુધી બેસી રહેવાથી બચવાના પ્રયાસ કરવા જોઇએ. ડેસ્ક પર હળવી કસરત જારી રાખવી જોઇએ.

નિષ્ણાંતોના કહેવા મુજબ માથાને એકબાજુથી બીજી બાજુએ લઇ જવાથી ફાયદો થાય છે.બેસતી વેળા પોતાના ટેવની કાળજી રાખવી જોઇએ. જુદા જુદા અભ્યાસ દાવો કરે છે કે પોતાના માટે પણ સમય કાઢવામાં આવે તે અતિ જરૂરી છે. કારણ કે વર્કહોલિઝમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

the next big thing
URMI
INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર ઓટોમેટિક થ્રેશર
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૯ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા મોટું)
(સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૬-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/ભોંકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (સિંગલ - ડબલ ટ્રેક્ટર)
ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર,
પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન,
બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત રૂબરૂ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો | અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.
દેશ-વિદેશનાં લેતા ભાઈ-બહેનો વૈજ્ઞાનિક કોલથી કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરએશીપ જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો,દેશ-વિદેશની એ ટુ ઝેટ ગુપ્ત તમસ્યા,
પતિ-પત્નની સેક્સ્યુલ પ્રોબ્લેમ, સંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમા સિક્સનશીપ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ,
સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-રોગ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું સમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય
તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન,સ્વપ્નદોષ, અંગત સૈકસ સંબંધ , ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીયો માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ
મોબાઇલ, ઇલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર,
રિયલ એસ્ટેટ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ,
અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઇ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યકિત, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately

વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...

અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા

નુ ફેન્સી સીંગલ/ડબલ બેડ ચાદરોનું ભવ્ય સેલ ટુંક સમય માટે જ ફકત ટુંક સમય માટે જ

સીંગલ બેડ 4 ચાદર ₹550 મર્યાદિત સ્ટોક

ડબલ બેડ 3 ચાદર જયપુરી ચાદર કવર સાથે ₹999 મર્યાદિત સ્ટોક

ટુવાલ-નેપકીન, સીંગલ-ડબલ બેડ ચાદર, કાર્પેટ, દોહર, દોહર સેટ, પિલો કવર, કુશન કવર, રજાઈ કવર, ભાગલપુરી સાલ, સોલાપુરી ચોરસા, દીવાન સેટ, બેડ રનર, પગ લુછણીયા, આસન, કમ્ફર્ટર
રેમન્ડ, રીલાયન્સ, મફતલાલ, ટ્રાઈડેન્ટ, વેલસ્પન જેવી બ્રાન્ડેડ કંપનીઓના ડબલબેડ પર હેવી 50% ડીસ્કાઉન્ટ

કુમકુમ હોલ (A.C.હોલ) પહેલા માળે, ઉદય કુડલેન્ડ, અમુલ પાર્લર પાસે, મધુરમ પાર્ટી પ્લોટ સામે, ઝાડેશ્વર, ભરૂચ.મોઃ 9638672495

સમય : સવારે ૧૦ થી રાત્રે ૯, શુક્રવારે બપોરે ૧ થી ૨ બંધ (રવિવારે ચાલુ)

Claver Computer

Think Different

Mo.90992 33071

Scholarship Courses		Govt. Certified Course	
1. D.C.A	(6 Months)	1. CCC	2600/- (2 Months)
2. MDICM	(1 year)	2. D.T.P	4500/- (3 Months)
(Bag, I-Card, Fees Card, Online Login id Include)		3. Tally	3000/- (2 Months)
		4. Ms Office	1500/- (1 Months)

Services Of Claver Computer

(1) All Type Of Repairing (2) All Online Work (Pan Card Form Filling)
(3) Selling, Computer Accessories Mouse, Keybord, Perdrive, Available

દુકાન નં. ૨૦૮, એસ્સેન્ઝા કોમર્શિયલ કોમ્પલેક્ષ, તુલસીધામ રોડ, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૦૦૧

મુંબઈના પ્રખ્યાત હોલસેલર ગ્રુપ દ્વારા ગારમેન્ટ અને બ્રા-પેન્ટીનું સેલ

ભરૂચમાં પહેલી વાર ફકત ટુંક સમય માટે જ

કિડ્સ : ટી-શર્ટ, બરમુડા, ટ્રેક, ગર્લ્સ ટોપ	₹79
લેડીઝ : લેગીંગ્સ, કેપ્રી, ટી-શર્ટ	₹199
લેડીઝ : પ્લાઝો, કુર્તા, હેરમ, ગાઉન	₹249
જેન્ટ્સ : ટી-શર્ટ, બોકસર, બરમુડા	₹199

BEYOUTY NEWYORK I PARIS I LONDON

